# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation


રેફ નં.　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　તા: ૨૨/૦૬/૨૦૧૭

તંત્રી શ્રી, ______________________　　　　　　　　　　　　　　　　　　　સુરત

જાત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

નીલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

- **કુનબી પાટીલ મહારાષ્ટ્રીયન સમાજના બ્રેનડેડ સંજુ સુકલાલ પાટીલના પરિવારે કિડની અને લિવરનું દાન કરી માનવતા પ્રસારી સમાજને નવી દિશા બતાવી.**
- **ગુજરાતમાં કેડેવર ઓર્ગન ડોનેશનમાં સુરત અગ્રેસર.**
- **ડોનેટ લાઈફ દ્વારા ત્રણ જ અઠવાડિયામાં ૭ બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી એક માત્ર સુરતમાંથી ૧૪ કીડની, ૭ લીવર, ૧ હૃદય અને ૪ ચક્ષુઓનું દાન કરાવવામાં આવ્યું.**

---

નામ: સંજુ સુકલાલ પાટીલ ઉ. વ.૪૮ બ્લડ ગ્રુપ: O+ve

વ્યવસાય: પાંડેસરામાં આવેલ વીવીંગ યુનિટમાં લુમ્સ કારીગર તરીકે કામ કરતા હતા.

રહેવાસી: પ્લોટ નં. ૧૦૫, વિનાયક નગર, ગુજરાત હાઉસિંગ બોર્ડ, ઉધના, પાંડેસરા, સુરત.

મૂળ રહેવાસી: ગામ:આશનખેડા, તા.: પાચોરા. જી: જલગાંવ, મહારાષ્ટ્ર

કૌટુંબિક વિગત: પત્ની: અનીતાબાઈ સંજુ પાટીલ ઉ. વ. ૪૨

પુત્રી: પૂનમ સંજુ પાટીલ ઉ.વ. ૨૧

પુત્ર: (૧) ભાવેશ સંજુ પાટીલ ઉ. વ. ૧૮

પાંડેસરા - દક્ષેશ્વર મહાદેવ પાસે આવેલ અગરબત્તીના કારખાનામાં હેલ્પર તરીકે કામ કરે છે.

(૨) બંટી સંજુ પાટીલ ઉ. વ. ૧૫

ઉધનામાં આવેલ છત્રપતિ શિવાજી હાઈસ્કુલમાં ધોરણ - ૧૦ માં અભ્યાસ કરે છે.

૨...


Nilesh Mandlewala
President
+91 98256 09922

Sandeep Kumar, IRS
Vice President
+91 81307 81031

Rakesh Jain
Hon. Secretary
+91 98241 10349

Ramesh Malpani
Hon. Treasurer
+91 98253 21626

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961

# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014


DONATE LIFE™
an initiative for organ donation



**બનાવની વિગત:**

મંગળવાર તા: ૨૦ જુન, ૨૦૧૭ ના રોજ સંજુ બપોરના આશરે ૧૨:૧૫ કલાકે પાંડેસરા પીયુસ પોઈન્ટ ચાર રસ્તા પાસે રસ્તો ક્રોસ કરતો હતો ત્યારે ઓટોરીક્ષાએ ટક્કર મારતાં તે રોડ ઉપર પડી ગયો હતો અને માથામાં ગંભીર ઈજાઓ થવાથી બેભાન થઇ ગયો હતો. તેથી તેને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સમાં નવી સિવિલ હોસ્પીટલમાં ન્યુરોસર્જન ડૉ. મેહુલ મોદી અને સર્જરી વિભાગના HOD ડૉ. નિમેશ વર્માની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યો.

નિદાન માટે CT સ્કેન કરાવતાં મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું.

ન્યુરોસર્જન ડૉ. મેહુલ મોદીએ ક્રેન્યોટોમી કરી મગજમાં જામેલો લોહીનો ગઠ્ઠો દુર કર્યો હતો.

બુધવાર તા:૨૧ જુન, ૨૦૧૭ના રોજ ન્યુરોસર્જન ડૉ. મેહુલ મોદી અને ન્યુરોફીજીશ્યન ડૉ. પરેશ ઝાંઝમેરાએ સંજુને બ્રેનડેડ જાહેર કર્યો.

સર્જિકલ ICUના રેસીડેન્ટ ડૉ. નિલેશ કાછડીયાએ ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી સંજુના બ્રેનડેડ અંગેની માહિતી આપી.

ડોનેટ લાઈફની ટીમે હોસ્પિટલ પહોંચી સંજુના ભાઈઓ સુનીલ, વિનોદ, પીન્ટુ, જગદીશ, ઉમેશ તેમજ પરિવારના અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું.

પરિવારના સૌ સભ્યોએ જણાવ્યું કે અમારું સ્વજન બ્રેનડેડ છે અને તેમના મૃત્યુ પછી શરીર બળીને રાખ થઇ જાય તેના કરતાં તેનાં અંગોના દાન થકી કોઈકના લાડકવાયાને નવજીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો.

પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ટ્રાન્સપ્લાન્ટ કો.ઓર્ડીનેટર પ્રિયાબેન શાહ અને ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કિડની અને લિવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

3...


**Nilesh Mandlewala**
President
+91 98256 09922

**Sandeep Kumar, IRS**
Vice President
+91 81307 81031

**Rakesh Jain**
Hon. Secretary
+91 98241 10349

**Ramesh Malpani**
Hon. Treasurer
+91 98253 21626

**Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961**

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ.પ્રાંજલ મોદી અને તેમની ટીમે આવી કિડની અને લિવરનું દાન સ્વીકાર્યું.

ઉલ્લેખનીય છે કે સુરતમાંથી સૌ પ્રથમ વખત દાનમાં મેળવવામાં આવેલ લિવરને સ્પ્લીટ (Split) કરવામાં આવ્યું, એટલે કે લિવરના બે ભાગ કરવામાં આવ્યા, જેને કારણે એક લિવરમાંથી બે વ્યક્તિમાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવશે.

દાનમાં મેળવવામાં આવેલી કિડની અને લિવરનું ટ્રાન્સપ્લાન્ટ કુલ ચાર વ્યક્તિઓમાં અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ખાતે ડૉ. પ્રાંજલ મોદી, ડૉ. વિકાસ પટેલ, ડૉ. જમાલ રીઝવી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવશે.

અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં સંજુના પત્ની અનીતાબાઈ, ભાઈઓ સુનીલ, વિનોદ, જગદીશ, ઉમેશ તેમજ પરિવારના અન્ય સભ્યો, ન્યુરોસર્જન ડૉ. મેહુલ મોદી, ન્યુરોફીઝીશ્યન ડૉ. પરેશ ઝાંઝમેરા, મેડીકલ સુપ્રિટેન્ડેન્ટ ડૉ. મહેશ વાડેલ, સર્જરી વિભાગના HOD ડૉ. જિમેશ વર્મા, સર્જિકલ ICUનાં રેસીડેન્ટ ડૉ. નિલેશ કાછડીયા, ડૉ. નેહલ શાહ, નવી સિવિલ હોસ્પીટલનો સ્ટાફ, ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલા, ટ્રસ્ટી હેમંત દેસાઈ, નિમિત પટેલ, સુભાષ જોધાણી અને યોગેશ પ્રજાપતિનો સહકાર સાંપડ્યો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાત માંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી શ્રી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા ૨૦૭ કિડની, ૮૧ લીવર, ૫ પેન્ક્રીઆસ, ૧૧ હૃદય અને ૧૭૮ ચક્ષુઓનો દાન મેળવીને ૪૮૦ વ્યક્તિઓને નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.

ડોનેટ લાઈફ દ્વારા કેડેવર ઓર્ગન ડોનેશન અંગેની જનજાગૃતિના કાર્યક્રમો સતત થતા હોય છે જેને કારણે સમાજમાં ધીમે ધીમે લોકોમાં બ્રેનડેડ બાદ ઓર્ગન ડોનેશન કરાવવાની જનજાગૃતિ આવતી જાય છે અને તેના પરિણામે ૨૦ દિવસમાં ડોનેટ લાઈફ દ્વારા ૭ બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી ૧૪ કીડની, ૭ લીવર, ૧ હૃદય અને ૪ ચક્ષુઓનું દાન કરાવવામાં આવ્યું છે. અમે સમાજના દરેક વર્ગના લોકોને નમ્ર અપીલ કરીએ છીએ કે જયારે પણ કોઈ વ્યક્તિ બ્રેનડેડ હોવાની જાણકારી તમને પ્રાપ્ત થાય ત્યારે તેના અંગોનું દાન કરાવી ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવજીવન આપવાના યજ્ઞમાં જોડાઈએ.